- કેસ રજુ થયા તારીખ: ૧૬.૦૧.૨૦૧૭
- કેસ રજીસ્ટર થયા તારીખ: ૧૬.૦૧.૨૦૧૭
- કેસ ફેસલ થયા તારીખ: ૩૦.૦૪.૨૦૨૪

**સમય: વર્ષ: ૭ , મહીના: ૩ , દિવસ: ૧૪**

**અમદાવાદના મહે. એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ,**
**નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કોર્ટ નં.૩૪, સમક્ષ.**

**ફોજદારી કેસ નંબર : ૧૦૯૨૮/૨૦૧૭**
**આંક : ૧૯**

**ફરીયાદી : કેતન રમેશભાઈ પટેલ**
ઉ.વ. ૨૯, ધર્મે :હિન્દુ, ધંધો –વેપાર
ઠે. ડી–૨૨, સીત્તલનાથ પ્રભુ સોસાયટી,
કઠવાડા રોડ, નરોડા,
અમદાવાદ.

**વિરુધ્ધ**

**તહોમતદાર : વોરા રજનીકાંત રામજીભાઈ**
ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : વેપાર,
ઠે. ૫૭, ગોપીનાથ પાર્ક સોસાયટી,
એસ.ટી. વર્કશોપ પાસે, કૃષ્ણનગર,
અમદાવાદ.

---

**ફરીયાદી તર્ફે વિ.વ. શ્રી. ચિરાગ વી. પટેલ**

**આરોપી તર્ફે વિ. વ. શ્રી. DHIRENDRA N. SANGHPAL & OTHERS**

---

**ફરીયાદ :– ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના ગુના અંગે....**

**<u>જજમેન્ટ</u>**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે રહે છે અને ફરીયાદીને આ કામના આરોપી અને આરોપીના પિતા સાથે સારા સંબંધો હોવાના કારણે એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને સામાજીક કામ સારુ નાણાની જરૂરીયાત ઉપસ્થિત થથયેલ હોવાના કારણે આરોપીએ ફરીયાદીને વાત કરેલ અને ફરીયાદીએ આ કામના આરોપીને રૂા. ૫,૫૦,૦૦૦/- હાથઉછીના ટુકડે ટુકડે આપેલા જે અંગે આ કામના આરોપીએ ફરીયાદીને તા. ૨૨.૧.૨૦૧૬ ના રોજ નોટેરાઈઝ કરાર કરી આપેલ છે. આ હાથ ઉછીની રકમ આરોપી ટુંક સમયમાં પરત આપી દેશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. સમય વિતવા છતાં આરોપીએ ફરીયાદીની ઉપરોકત હાથઉછીની કાયદેસરની લેણી રકમ પરત આપેલ નહીં અને ફરીયાદીએ વારંવાર તેની માંગણી આરોપી પાસે કરતા આરોપીએ ફરીયાદીની બાકી લેણી રકમ ચુકવી આપવા સારુ રૂા. ૧,૦૦,૦૦૦/- નો ચે કનં. ૧૭૧૬૭૮, તા. ૧૫.૧૧.૨૦૧૬નો તથા રૂા. ૫૦,૦૦૦/- નો ચેક નં. ૧૭૧૬૭૯, તા. ૧૫.૧૨.૨૦૧૬ ના રોજનો આરોપીએ તેમના ખાતાવાળી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો સહી કરીને ફરીયાદીને આપેલો અને તે ચેક બેન્કમાં ભરતા તેની રકમ મળી જશે તેવી ખાતરી આરોપીએ ફરીયાદીને આપેલી. જેથી ફરીયાદીએ આરોપીએ આપેલ ઉપરોકત ચેક ફરીયાદીએ તેમના ખાતાવાળી ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી., નરોડા શાખામાં ભરતા સદર ચેક અનુક્રમે તા. ૧.૧૨.૨૦૧૬, તા. ૧૯.૧૨.૨૦૧૬ ના રોજ '' ફંડ ઈન સફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલો જેની આરોપીએ જાણ કરતા આરોપીએ કોઈ સંતોષકારક જવાબ આપેલ નહી અને ફરીયાદીને રીટર્ન થયેલ ચેકની રકમ ચુકવી આપેલ ન હોઈ જેથી ફરીયાદીએ તકરારી ચેકની રીટર્ન થયાની રકમની

માંગણી કરતી માંગણા નોટીસ તેઓના વકીલશ્રી ધ્વારા તા. ૨૯.૧૨.૨૦૧૬ ના રોજ રજી.એ.ડી. પોસ્ટ ધ્વારા મોકલાવેલ જે નોટીસ આ કામના આરોપીને તેમના સરનામે તા.૩૦.૧૨.૨૦૧૬ ના રોજ બજી ગયેલ છે અને તેમ કરી ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ નથી. આમ, ફરીયાદીને તેમની કાયદેસરની લેણી રકમ ચુકવી આપેલ ન હોય, અને નોટીસનો જવાબ આપેલ ન હોઈ, તેમ કરી આરોપી (તો.દાર)એ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ ૧૩૮ **(સરળતા ખાતર ''એકટ'')** અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય કર્યુ હોવાથી ફરીયાદીએ હાલની ફરીયાદ દાખલ કરી છે.

(૨) સદર ફરિયાદ સાથે ફરીયાદીનુ સોગંદનામુ તથા અસલ દસ્તાવેજી પુરાવા રજુ થતાં તો.દાર સામે પ્રથમ દર્શનિય ગુનો બનતો જણાતા ફોજદારી કાર્યરિતિ સંહિતા, ૧૯૭૩ (સરળતા ખાતર ''સંહિતા'') ની કલમ ૨૦૪ અન્વયે તહોમતદાર સામે સમન્સ કાઢવામાં આવ્યો હતો. જેની ધોરણસરની બજવણી થતાં તહોમતદાર તેમના વિ. વ. શ્રી. સાથે હાજર થયા હતા. જેઓને સંહીતા ની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદની તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવી હતી તેમજ તે અંગેની ખાત્રી પણ કરવામાં આવી હતી. તેમજ બંન્ને પક્ષે સાંભળી આંક–૧ નીચે હુકમ કરી સદર કેસ સમન્સ ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે અને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ હેઠળ આરોપીની પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલી.

(૩) ફરિયાદ પક્ષ તરફથી કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવ્યા છે :–

(એ) મૌખિક પુરાવા :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | ''એકટ'' ની કલમ ૧૪૫ અન્વયે ફરીયાદીનું સરતપાસ સ્વરૂપી સોગંદનામું | |

(બી) દસ્તાવેજી પુરાવો :–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| (૧) | નોટેરાઈઝડ કરાર અસલ | ૯ |
| (૨) | તકરારી ચેક નં. ૧૭૧૬૭૮ અસલ | ૧૦ |
| (૩) | તકરારી ચેક નં. ૧૭૧૬૭૯ અસલ | ૧૧ |
| (૪) | તકરારી ચેકોના રીટર્ન મેમા | ૧૨ ,૧૩ |
| (૫) | લીગલ નોટીસ | ૧૪ |
| (૬) | રજી.એ.ડી.ની કોપી | ૧૫ |
| (૭) | નોટીસનુ પરત આવેલ કવર | ૧૬ |

**(૪)** ઉપરોકત પુરાવાઓ સિવાય ફરિયાદ પક્ષ તર્ફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવા માંગતા નથી તેવી પુરાવા કલોઝીંગ પુરશીસ આંક–૧૮થી રજુ કરેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો સંપુર્ણ થયા બાદ ''સંહિતા'' ની કલમ ૩૧૩ અન્વયે તહોમતદારનું વિશેષ નિવેદન નોંધવા માટે કેસ રાખવામાં આવેલ. આ કામે રેકર્ડ વંચાણે લેતા આરોપીનુ એફ.એસ. કેસમાં પ્રિન્ટ રેડી હોવા છતાં આરોપીએ મુદતે હાજર રહી તેમનુ એફ.એસ. નોંધાવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ આરોપીનો એફ.એસ.નો હકક બંધ કરવાની અરજી તા. ૨૯.૩.૨૪ લગત અત્રેની અદાલત ધ્વારા તા. ૨૯.૩.૨૪ ના રોજ હુકમ કરી આરોપીનો એફ.એસ. નોંધાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

વધુમા અત્રે એ ઉલ્લેખનીય છે કે, આ કામે આરોપીએ ફરીયાદીની ઉલટ

તપાસ કરવાની પૂરતી અને વ્યાજબી તક આપવા છતાં તેવી ઉલટ તપાસ કરી પોતાનો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. જેથી આ કામે આરોપીનો ઉલટ તપાસનો હકક પણ બંધ કરવા માટે ફરીયાદ પક્ષે આંક– ૧૭ થી અરજી રજુ થયેલ છે જે અરજી તળે અત્રેની અદાલત ઘ્વારા ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીનો હકક બંધ કરતો હુકમ તારીખ ૪.૩.૨૨ ના રોજ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

(૫) ત્યારબાદ, આ કામ બંને પક્ષોની દલીલો ઉપર રાખવામાં આવેલ.

આ કામે ફરીયાદપક્ષે મૌખિક દલીલો કરેલ છે કે ફરીયાદ હકીકતે આ કામના ફરીયાદીએ આરોપીને હાથઉછીની રકમ ફરીયાદી હકીકતે આપેલી અને તે હાથઉછીની રકમ પરત ચુકવી આપવા સારુ તકરારી ચેકો આપેલાનું સ્પષ્ટ રીતે ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર દસ્તાવેજી પુરાવો રજુ કરી સાબિત કરી શકેલ છે. તે ચેક બેન્કમાં ભરતા રીટર્ન થયેલાનો રીટર્ન મેમો, આપેલ લીગલ નોટીસ, રજી.એ.ડી.ની પહોંચ, તેમજ નોટીસ બજેલાના દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદપક્ષ આરોપી પાસે તકરારી ચેકોની રકમનું કાયદેસરનું લેણુ બાકી પડતુ હતુ અને તે પેટે હાલના તકરારી ચેકો સહી કરીને આરોપીએ આપેલાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. આમ, ફરીયાદપક્ષ પોતાનો કેસ આરોપી વિરુઘ્ધ નિ:શંકપણે સાબિત કરી શકેલ હોય આરોપીને સજા કરવા તથા વળતર અપાવવા હુકમ કરવા વિનંતી કરેલ છે.

આ કામે આરોપીને તેમના બચાવમાં દલીલ કરવાની પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં તેઓએ તેમના બચાવમાં કોઈ દલીલ રજુ કરેલ નથી કે બચાવના સમર્થનમાં કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૬) પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલા પુરાવાઓ તથા બચાવો ઘ્યાને લેતાં હાલના કેસનો આખરી ન્યાય નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ

ઉપસ્થિત થયા છે :–

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(ર) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.

(૧) હકારમાં

(ર) આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે :–

**:: કા ર ણો ::**

**મુદ્દા નંબર : ૧ :–**

**૮.૧** હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેના ગુના સંબંધનો તહોમત મુકવામાં આવેલ છે. ત્યારે સૌપ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ હેઠળનો ગુનો બનતા આવશ્યક તત્વો પુરવાર થાય છે કે કેમ? તે ઘ્યાને લેવુ પડે જેથી તે અંગેની જોગવાઈઓ ઘ્યાને લેતા નીચે મુજબ છે.

કલમ–૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર થવા:

સમગ્ર અથવા અંશત: કોઈ પણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા બેંક ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણકે એ ખાતામાની જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો

બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ (હાલ ૩ માસ) અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામાં આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના બેંક ખાતામાં અપુરતા નાણા ભંડોળના કારણે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસ (હાલ ત્રણ માસ) ની સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર(હવે સુધારો થયા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડીમાન્ડ નોટિસ આપીને ચેકમાંની રકમની માંગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવું કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૯ તથા કલમ –૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

<u>કલમ–૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :</u>

જયાં સુધી વિરુધ્ધનું સાબિત થાય તે સિવાય એવુ માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમ્રગ અથવા અશંતઃ દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ ૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

<u>કલમ–૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :</u>

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામા આવશે :

(ક) અવેજ વિષે : દરેક વટાવ ખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર

શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય , ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યું હતું.

(ખ) તારીખ વિષે : જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉ ખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) સ્વીકારનાર સમય વિષે : સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) તબદીલીના સમય વિષે : કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) શેરાઓના ક્રમ વિષે : કોઈ વટાવ ખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) સ્ટેમ્પ વિષે: ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે : કોઈ વટાઉ ખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**૮.૨** આમ ઉપરોકત એકટની કલમ–૧૩૮ અંગેનું સૌપ્રથમ આવશ્યક તત્વ એ છે કે, વાદગ્રસ્ત ચેક કાયદેસરનું દેવું કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા

માટે આપવામાં આવ્યો હોવો જોઈએ. જે હકીકત પુરવાર કરવા અંગે સાબીતીનો પ્રારંભીક બોજો ફરીયાદી ઉપર હોય છે. જે બોજાનું ફરીયાદી વહન કરે કે તુરત જ ''એકટ'' ની કલમ– ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની તરફેણમાં તેમજ ચેક ડ્રો કરનાર યાને કે હાલના તહોમતદારની વિરૂઘ્ધમાં સ્ટેચ્યુટરી અનુમાન કરવાનું રહે છે. જે અનુસાર વાદગ્રસ્ત ચેક કાયદેસરના દેવા કે જવાબદારીની સંપુર્ણત: અથવા તો અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનું અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ''ખંડનાત્મક'' અનુમાન છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપુર્ણ બોજો તહોમતદાર ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો રજુ કરવા માટે કોઈ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જ જોઈએ તેવું જરૂરી નથી. તહોમતદાર કેસના રેકર્ડ ઉપર એવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી વાદગ્રસ્ત ચેક કોઈ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

૮.૩ હાલના કેસમાં ફરીયાદીએ આંક : ૧ થી ફરીયાદ રજુ કરી ઉપરોકત ફરીયાદ હકીકત જણાવી છે. તેમાં જણાવેલી હકીકતોને ફરીયાદીએ રજુ કરેલા પુરાવાના સોગંદનામાથી સમર્થન આપ્યું છે. આમ, સદર વાદગ્રસ્ત અસલ ચેક **આંક: ૧૦,૧૧** ફરીયાદી તર્ફે પુરવાર કરવામાં આવ્યો છે તેમજ તે પુરાવામાં ગ્રાહય છે. વધુમા વાદગ્રસ્ત ચેક બેન્કમાં ભર્યા અંગે તેમજ તે પરત થયા અંગે ના દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા છે જે તમામ બેન્કના દસ્તાવેજો છે અને સદર ચેક ચેકો રીટર્નમાં દર્શાવ્યા મુજબ ''ફંડસ ઈનસફીશીયન્ટ'' ના કારણ સાથે **આંક–૧૨, ૧૩** વાળા બેન્ક રીટર્ન મેમા સાથે પરત થયેલ છે. આમ, ''એકટ'' ની કલમ ૧૪૬ અન્વયે સદર દસ્તાવેજો બેન્કની સ્લીપો હોય અને તેમાં ચેક પરત થયાના

કારણ દર્શાવવામાં આવ્યા હોય તે તમામ જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી પુરાવામાં ગ્રાહય છે અને તેમાં જણાવેલ કારણથી ચેક પરત થયા અંગેનું જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી અનુમાન કરવાનું રહે છે. **આંક :૧૪** થી સ્ટેચ્યુટરી નોટીસ રજુ કરવામાં આવી છે જેમાં ફરીયાદીની તથા તેમના વિ.વકીલ શ્રી. ની સહી છે અને સરતપાસમાં તેઓએ તે સહીને ઓળખી બતાવી છે અને જેમાં ફરીયાદીની પણ સહી છે. **આંક : ૧૫** ની નોટીસ રજી. પો. એ. ડી. થી મોકલ્યાની પહોંચ તેમજ **આંક–૧૬** થી નોટીસનુ કવર પરત આવેલાનો પુરાવો રજુ કરેલ છે. આમ રજુ પુરાવો જોતા ફરીયાદ પક્ષ ધ્વારા એકટની કલમ ૧૩૮ (એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે. જેથી હાલનો કેસ એકટની કલમ ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.

૮.૪ આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુધ્ધ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. નામદાર સુપ્રિમ કોર્ટ દવારા **૨૦૦૯ (૨) G.L,R ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુધ્ધ વિનોદ શર્માના** ચૂકાદામાં પેરા ૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

**para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced**

**evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defense beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set

out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપીપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ઘ્યાને લેવું પડે.

૯. આ કામે ફરીયાદીએ સૌ પ્રથમ આરોપી સામે કાયદેસરનું લેણું છે તેવું નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદીની છે. આ કામે ફરીયાદીએ પોતાની ફરીયાદ અને સરતપાસમાં આરોપીએ આપેલ તકરારી ચેકો આંક **૧૦,૧૧** વાળો બેંકમાં ભરતા આંક–**૧૨,૧૩** વાળા રીટર્ન મેમાથી પરત ફરેલ છે તેવી હકીકત પુરવાર કરવામાં સફળ થાય છે. તકરારી ચેકમાં આરોપીની સહી નથી તેવો કોઈ બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ નથી. આરોપીપક્ષે ફરીયાદવાળો તકરારી ચેક ફરીયાદીને આપેલ નથી તેવી હકીકતો સંબંધેના પુરાવો આપવાનો બોજો આરોપી ઉપર રહેલ છે. આ કામે ફરીયાદીએ હાલના કેસમાં ફરિયાદી ઘ્વારા સોગંદ ઉપર જુબાની આપવામાં આવેલ છે. તેઓએ પોતાની જુબાનીમાં ફરિયાદ મુજબની હકીકતો જણાવેલ છે.(પેરા–૧ માં ફરીયાદ હકીકતો વર્ણવી છે માટે પુનરાવર્તન સારુ અહીયા વર્ણવી નથી).

**૧૦.** આ કામે ફરીયાદપક્ષ તેમના રજુ કરેલ પુરાવાઓથી આરોપી વિરુઘ્ધનો કેસ નિ:શંકપણે સાબિત કરી આ કામે તકરારી ચેકની રકમ આરોપી પાસે તેમની કાયદેસરની લેણી રકમ બાકી પડતી હતી તેવુ બીયોન્ડ રીઝનેબલ પુરવાર કરી

શકેલ છે કે કેમ તે આ કોર્ટે જોવાનું રહે છે.

આ કામે કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, ફરીયાદીને આ કામના આરોપી અને આરોપીના પિતા સાથે સારા સંબંધો હોવાના કારણે એકબીજાને સારી રીતે ઓળખે છે. આ કામના આરોપીને સામાજીક કામ સારુ નાણાની જરૂરીયાત ઉપસ્થિત થથયેલ હોવાના કારણે આરોપીએ ફરીયાદીને વાત કરેલ અને ફરીયાદીએ આ કામના આરોપીને રૂા. ૫,૫૦,૦૦૦/– હાથઉછીના ટુકડે ટુકડે આપેલા જે અંગે આ કામના આરોપીએ ફરીયાદીને તા. ૨૨.૧.૨૦૧૬ ના રોજ નોટેરાઈઝ કરાર કરી આપેલ છે. આ હાથ ઉછીની રકમ આરોપી ટુંક સમયમાં પરત આપી દેશે તેવો વિશ્વાસ અને ભરોસો આપેલો. સમય વિતવા છતાં આરોપીએ ફરીયાદીની ઉપરોકત હાથઉછીની કાયદેસરની લેણી રકમ પરત આપેલ નહીં અને ફરીયાદીએ વારંવાર તેની માંગણી આરોપી પાસે કરતા આરોપીએ ફરીયાદીની બાકી લેણી રકમ ચુકવી આપવા સારુ રૂા. ૧,૦૦,૦૦૦/– નો ચે કનં. ૧૭૧૬૭૮, તા. ૧૫.૧૧.૨૦૧૬નો તથા રૂા. ૫૦,૦૦૦/– નો ચેક નં. ૧૭૧૬૭૯, તા. ૧૫.૧૨.૨૦૧૬ ના રોજનો આરોપીએ તેમના ખાતાવાળી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો સહી કરીને ફરીયાદીને આપેલો અને તે ચેક બેન્કમાં ભરતા તેની રકમ મળી જશે તેવી ખાતરી આરોપીએ ફરીયાદીને આપેલી. જેથી ફરીયાદીએ આરોપીએ આપેલ ઉપરોકત ચેક ફરીયાદીએ તેમના ખાતાવાળી ધી અમદાવાદ ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક લી., નરોડા શાખામાં ભરતા સદર ચેકઅનુક્રમે તા. ૧.૧૨.૨૦૧૬, તા. ૧૯.૧૨.૨૦૧૬ ના રોજ '' ફંડ ઈન સફીશીયન્ટ'' ના શેરા સાથે પરત ફરેલો તેવો ફરીયાદપક્ષનો કેસ છે.

આરોપીએ તકરારી ચેકોની રકમ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ નથી અને તે ચુકવવા સારુ હાલના તકરારી ચેકો તેઓએ ફરીયાદીને સહી કરીને આપેલ નથી તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી શકેલ નથી. ફરીયાદવાળો વ્યવહાર આરોપીને ફરીયાદી સાથે થયેલ નથી તેવો બચાવ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કારણકે આ કામે ફરીયાદીની ઉલટ તપાસ કરવાની પુરતી અને વ્યાજબી તક આરોપીને આપેલ હોવા છતાં આરોપીએ કે તેમના વિ.વ.શ્રીએ મુદતે હાજર રહી ફરીયાદીની ઉલટ તપાસ કરી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. વધુમાં ફરીયાદવાળા વ્યવહારની રકમ આ કામના આરોપીને મળેલ નથી તેવો ારોપીનો કોઈ બચાવ નથી. કારણકે ફરીયાદપક્ષે ફરીયાદવાળા વ્યવહારને નિ:શંકપણે સાબિત કરવા માટે આંક–૯ થી કરાર રજુ કરેલ છે જે વંચાણે લેવામાં આવે તો તેમાં એકતરફવાળા તરીકે રામજીભાઈ એચ. વોરા તથા વોરા રજનીકાંત રામજીભાઈ (આરોપી) છે. આ કરારની હકીકતો વંચાણે લેવામાં આવે તો તેમાં, આ કામના આરોપીએ કબુલ રાખેલ છે કે, તેઓને ફરીયાદી સાથે સારા સંબંધ હોય, આરોપીને સામાજીક કામ માટે નાણાની જરૂર હોય ફરીયાદી પાસ ે માંગણી કરતા રૂા. ૫,૫૦,૦૦૦/– તા. ૧.૧.૨૦૧૬ ના રોજ મળેલા છે અને આ રકમ આરોપીએ ફરીયાદીને કાયદેસરની લેણી પેટે પરત ચુકવવાની થાય છે. તથા આ રકમ કઈ કઈ તારીખે કેટલી રકમ આપવાની છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ કરારમાં આ કામના ફરીયાદી અને આરોપીની સહી છે. આ કરારમાં આરોપીએ જે સહી કરેલ છે તેવી જ સહી આ કામે રજુ થયેલ તકરારી ચેકોમાં આરોપીની સહી હોવાનુ પ્રથમ નજરે જણાઈ આવે છે. આ સહી ખોટી અને બનાવટી છે તથા કરાર ખોટો અને બનાવટી ઉભો કરેલ છે તેવો આરોપીપક્ષે કોઈ બચાવ કેસના રેકર્ડ

ઉપર લીધેલ નથી અને તે થકી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરવામાં આરોપીપક્ષ નિષ્ફળ રહેલ છે.

વધુમાં આ કામે તકરારી ચેકો આરોપી નિભાવતા હોય તેવા ખાતાનો નથી તેવો પણ રીબર્ટલ પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ કામે ફરીયાદપક્ષે મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરી પોતાનો કેસ આરોપી વિરુધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે. આ કામે તકરારી ચેકો આરોપી પાસેથી ડરાવી ધમકાવી લઈ લીધેલ હોય તેવો પણ આરોપીનો કોઈ બચાવ રેકર્ડ ઉપર આવેલ નથી. આ કામે એ બાબત નોંધનીય છે કે આ કામે આરોપી કેસમાં મુદતે હાજર રહેતા ન હોય કે તેઓના વિ.વ.શ્રી પણ હાજર રહેતા ન હોય તેઓ વિરુધ્ધ પકડ વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ હોવાનુ રેકર્ડ ઉપરથી ફલિત થાય છે.

વધુમાં, આ કામે આરોપીએ ફરીયાદીની ઉલટ તપાસ કરી નથી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ મુજબનુ એફ.એસ. નોંધાવવા પૂરતી અને વ્યાજબી તક આપેલ હોવા છતાં એફ.એસ. નોંધાવી પોતાનો કોઈ બચાવ રજુ કરી શકેલ નથી. આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી, બચાવના સાહેદ તપાસેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી શકેલ ન હોઈ, ફરીયાદી તકરારી ચેકોની રકમનુ કાયદેસરનુ લેણુ સાબિત કરવામાં સફળ થયેલ છે. આમ, આરોપીપક્ષે પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી મુજબનો માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવી ફરીયાદપક્ષે કરવામાં આવેલ એકટની કલમ ૧૩૯ ના અનુમાનોનુ ખંડન કરતો કોઈ ખંડનાત્મક પુરાવો આરોપીપક્ષ રજુ કરી શકેલ નથી કે જેથી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી થાય છે.

વધુમાં આ કામે ફરીયાદપક્ષે ચેક રીટર્નની નોટીસ પણ આરોપીને આપવામાં આવેલ છે જે નોટીસ આ કામે આંક ૧૪ થી રજુ છે. જે નોટીસ આ કામના

આરોપીને તેમના સાચા અને ખરા સરનામે ફરીયાદી ધ્વારા રજી.એ.ડી. પોસ્ટથી આપવામાં આવેલ છે જેની સ્લીપ આંક–૧૫ થી કેસના રેકર્ડ ઉપર રજુ છે. આ નોટીસનુ કવર પુરાવો આંક–૧૬ થી રજુ છે. નોટીસમાં જણાવેલ સરનામું હાલના આરોપીઓનું પોતાનું સાચું અને ખરું સરનામું નથી અથવા તો તે સરનામે તેઓ રહેતા જ નથી તેવો કોઈ સ્પષ્ટ બચાવ આરોપીપક્ષે લેવામાં આવેલ નથી. આ હકીકતનો નિર્ણય કરવા માટે હાલના તબકકે **નામ.સુપ્રીમ કોર્ટનો** ***" C. C. Alavi Haji V/S Palapetty Muhammed & Anr "*** ***Appeal (Crl.) 767 of 2007 date of decision 18/05/2007, Bench :- Honourable CJI K. G. Balakrishanan, R. V. Raveendran & D. K. Jain*** નો ચુકાદો અને તેમાં પ્રસ્થાપિત કરેલ હાલની જોગવાઈ અન્વયેના કાયદાકીય સિધ્ધાંતને રેફરન્સ તરીકે લેવા ન્યાયોચિત જણાઈ આવે છે. જેમાં નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો અને તેમાં એકટ ૧૮૮૧ ની કલમ:૧૩૮(બી)સંદર્ભે પ્રસ્થાપિત કરેલ કાયદાનો સિધ્ધાંત ધ્યાને લેતાં તે હકીકત સ્પષ્ટ છે કે, હાલની જોગવાઈ અન્વયે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમયમર્યાદામાં રજી.પો.એડી.થી નોટીસ ઈસ્યુ કરવી માત્ર તેટલી જ ફરજ બની રહે છે. જો એક વખત ફરીયાદી આ રીતે પોતાની ફરજ અદા કરવામાં સફળ રહે તો તેથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપીના શિરે આવે છે. તે સાથે નામ.સુપ્રીમ કોર્ટે તેવું પણ સ્પષ્ટ રીતે પ્રસ્થાપિત કરેલ છે કે, જો ફરીયાદી આરોપીના સાચા અને ખરા સરનામે કાનુની નોટીસ મોકલે તો જનરલ કલોઝીસ એકટની કલમ:૨૭ અન્વયેનું અનુમાન ઉપસ્થિત થાય છે અને તે અન્વયે આરોપીને તે નોટીસ મળી ગયેલ હોવાનું તારણ કરવાનું રહે છે. વધુમાં નામ.સુપ્રીમ કોર્ટે તેવું પણ પ્રસ્થાપિત કરેલ છે કે, હાલની જોગવાઈનો કાયદાનો હેતુ ધ્યાને રાખી હળવો અભિગમ

દાખવવાનો રહે છે અને જો કોઈ ચેકના ડ્રોઅર તેને કાનુની નોટીસ મળેલ ન હોવાનો બચાવ લઈને આવે ત્યારે આ સંજોગોમાં ફરીયાદનો સમન્સ તેને મળ્યેથી દિન–૧૫ માં સમન્સ અથવા ફરીયાદની કોપી લઈ અદાલતમાં હાજર રહી જો તે રીટર્ન થયેલ ચેકના નાણાં ફરીયાદીને ચુકવી ન આપે અથવા ફરીયાદીને ચુકવવાના હેતુથી કોર્ટમાં જમા ન કરાવે, તો ટ્રાયલ દરમ્યાન નોટીસની બજવણી થયેલ ન હોવાનો બચાવ લેવા તે ચેકના ડ્રોઅરને અધિકાર રહેતો નથી. હાલના કેસમાં પણ તે હકીકત સ્પષ્ટ છે કે ફરીયાદીએ આરોપીના સાચા અને ખરા સરનામે સમયમર્યાદામાં નોટીસ મોકલેલ છે જેથી પ્રથમ દૃષ્ટિએ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા ફરીયાદી એકટની કલમ:૧૩૮(બી)ની જોગવાઈ અનુસાર પોતાની ફરજ અદા કરેલ છે. વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ:૧૧૪ સાથે વંચાણે લેતાં જનરલ કલોઝીસ એકટની કલમ:ર૭ ની જોગવાઈ ધ્યાને લેતાં ફરીયાદી ધ્વારા મોકલવામાં આવેલ કાનુની નોટીસ રુટીન કોર્સ ઓફ બીઝનેશમાં આરોપીના સાચા અને ખરા સરનામે જ બજવણી થયેલ હશે તે હકીકતનું અનુમાન કરવાનું રહે છે. આ કામે પણ ફરીયાદીએ આરોપીને ઈસ્યુ કરેલ નોટીસમાં જણાવેલ સરનામું આરોપીનું ખોટું સરનામું હોવાનો કોઈ બચાવ લીધેલ નથી તેમજ નામ.સુપ્રીમ કોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કર્યા મુજબ આ ફરીયાદના સમન્સ મળ્યેથી દિન–૧૫ માં આ કામના આરોપીએ અત્રેની અદાલતમાં હાજર રહી રીટર્ન થયેલ ચેકની રકમ ફરીયાદીને ચુકવવાના હેતુસર અદાલતમાં જમા કરાવેલ નથી કે ફરીયાદીને ચુકવેલ નથી,આમ આ કામે નોટીસ આરોપીને બજેલ છે. વધુમાં, આ કામે આંક–૧૪ વાળી નોટીસ વંચાણે લેવામાં આવે તો, તેમાં આ કામના તકરારી ચેકો રીટર્ન થયેલા છે અને તેની રકમની માંગણી કરતો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. આ નોટીસ ફરીયાદીએ આરોપીને ખોટી આપેલ છે અને તેની હકીકતો ખોટી છે તેવો કોઈ

બચાવ રેકર્ડ ઉપર આરોપીપક્ષ લાવી ફરીયાદપક્ષના કેસમાં શંકા ઉભી કરી શકેલ નથી. જેથી નોટીસની હકીકતો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે.

આમ આ કામે ફરીયાદપક્ષ તેમના રજુ કરેલા તમામ પુરાવાઓથી તકરારી ચેકની રકમનું કાયદેસરનું લેણુ આરોપી પાસે લેવાનુ બાકી પડતુ હતુ તે નિ:શંકપણે એટલે કે બીયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ હોવાનુ મારુ માનવુ છે. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ નિ:શંકપણે સાબિત કરી શકેલ છે.

આમ, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાને આધારે આ કામના આરોપીએ આ કામના તકરારી ચેકો કાયદેસરની દેવુ/જવાબદારી પરિપુર્ણ કરવા માટે આપેલ હોય તેવુ માનવાનું રહે છે. નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમશન cogent & convincing એવીડન્સથી રીબર્ટ કરવાની જવાબદારી આરોપીની છે અને તે માટે આરોપીએ સ્પષ્ટ અને વિશ્વસનિય માન્ય રાખી શકાય તેવો ખંડનાત્મક પુરાવો આપવો જોઈએ. નામદાર સુપ્રિમકોર્ટ દ્રારા એ.આઈ.આર. ૨૦૧૫ એસ.સી. ૨૨૪૦ પેજ પરના ટી. વસંથાકુમાર વિ. વિજયકુમારીના ચુકાદામાં રીલેવન્ટ પેરા ૮,૯,૧૦ માં નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

8. We have heard the learned counsel appearing for the appellant as also the learned counsel appearing for the respondent. The complainant has alleged that the money (loan) was advanced to the defendant on 20-05-2006 in relation to which the cheque was issued to him by the defendant on 16-01-2007. The cheque was for Rs.5 lakhs only, bearing No.822408. It is of great significance that the cheque has not been disputed nor the signature of the defendant on it. **There has been some controversy before us with respect to Section 139 of Negotiable Instruments Act as to whether complainant has to prove existence of a legally enforceable debt before the presumption under Section 139 of the Negotiable Instruments Act starts operating and burden shifts to the accused.** Section 139 reads as follows:

"139. Presumption in favour of the holder-It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

9. This Court has held in its three judge bench judgment in Rangappa v. Sri Mohan, (2010) 11 SCC 441:
"**The presumption mandated by Section 139 includes a presumption that there exists a legally enforceable debt or liability.** This is of course in the nature of a rebuttable presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the respondent complainant."

10. Therefore, **in the present case since the cheque as well as the signature has been accepted by the accused respondent, the presumption under Section 139 would operate. Thus, the burden was on the accused to disprove the cheque or the existence of any legally recoverable debt or liability.** To this effect, the accused has come up with a story that the cheque was given to the complainant long back in 1999 as a security to a loan; the loan was repaid but the complainant did not return the security cheque. According to the accused, it was that very cheque used by the complainant to implicate the accused. However, it may be noted that the cheque was dishonoured because the payment was stopped and not for any other reason. This implies that the accused had knowledge of the cheque being presented to the bank, or else how would the accused have instructed her banker to stop the payment. Thus, the story brought out by the accused is unworthy of credit, apart from being unsupported by any evidence.

આમ નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ જયારે ચેક તથા તેમાંની સહી આરોપીએ સ્વીકૃત કરેલ હોય, ત્યારે ચેક કોઈ કાયદેસરનુ લેણુ કે જવાબદારી માટે આપવામાં આવેલ નથી તેવુ પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. હાલના કેસમાં આરોપી જે બચાવ લઈને આવેલ છે તે એકટની કલમ ૧૩૯ ના પ્રીઝમશન ને રીબર્ટ કરતો માન્ય રાખી શકાય તેવો વિશ્વસનીય પુરાવો નથી. આ કામના આરોપીએ એન.આઈ.એકટની કલમ ૧૧૮,૧૩૯ મુજબના ફરિયાદીની તરફેણના અનુમાનોને રીર્બટ કરતો સંતોષકારક પુરાવો રજુ કરેલ નથી અને અનુમાનોનું ખંડન કરેલ નથી. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદીને આપેલ ફરીયાદ મુજબના તકરારી ચેક ફરિયાદીને કાયદેસરની લેણી નીકળતી રકમની ચુકવણી પેટે આપેલ હોવાનું પુરવાર માનવામાં આવે છે . જેથી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના તમામ તત્વો સાબિત થતા હોય, આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–

૧૩૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જથી **મુદ્દા નં. ૧** નો જવાબ '**હકારમાં**' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૨:**

મુદ્દા નં. ૧ના નિર્ણયને આધીન મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો ' **આખરી હુકમ** ' ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આ કામે આરોપી **વોરા રજનીકાંત રામજીભાઈ,** ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : વેપાર,ઠે. ૫૭, ગોપીનાથ પાર્ક સોસાયટી, એસ.ટી. વર્કશોપ પાસે, કૃષ્ણનગર,અમદાવાદનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ ૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને સજા કરતાં અગાઉ તે સંદર્ભે સાંભળવા જરૂરી જણાતું હોય આરોપીને સજા અંગે સાંભળવા સારુ.

તારીખ :૩૦.૪.૨૦૨૪

અમદાવાદ. **( P. J. CHAUDHARY )**

**Addil. Chief Metropolitan Magistrate,**

**Negotiable Instruments Act Court No.34**

**Ahmedabad. Code: GJ 01032**

**<u>સજા બાબતે મુલ્તવી રખાયા બાદ નો હુકમ</u>**

ફરીયાદપક્ષ તરફે તેઓની મૌખિક દલીલમાં રજુઆત કરેલ કે, આ કામના આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાં ચુકવેલ નથી. આરોપીની કસુરના કારણે ફરીયાદીને હાલની ફરીયાદ કરી સમગ્ર કાર્યવાહીમાં ભાગ લેવાની ફરજ પડેલ છે. જેથી આરોપીને મહત્તમ સજા કરી, ફરીયાદીને થયેલ નાણાંકીય નુકશાન સંદર્ભે

વળતર અપાવવા અરજ ગુજારેલ છે.

આજરોજ આરોપી હાજર રહેલ નથી, જેથી આરોપી તરફે કોઈ રજુઆત નથી.

આ તબકકે નામ.ગુજરાત હાઈકોર્ટનાં, Sharad Jethalal Savla v. State of Gujarat 2017(3) GLH 146ના ચુકાદાનાં પેરા–૨૫ ને ધ્યાને લેવો અગત્યનો છે.

> 25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિને ધ્યાને લેતાં, અદાલત કોઈપણ પક્ષકારની ગેરહાજરીમાં જજમેન્ટ/ચુકાદો જાહેર કરી શકે છે. ક્રિ.પ્રો. કોડની કલમ–૩૫૩થી અદાલતને આ સત્તા પ્રાપ્ત થાય છે. હાલનો કેસ મુલતવી રાખવા માટે રેકર્ડ ઉપર કોઈ વાજબી કારણ ઉપલબ્ધ નથી. હાલનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. હાલનો કેસ ઘણો જુનો છે. આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનું સ્પષ્ટપણે માનવું છે. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ની પીનલ પ્રોવિઝનને ધ્યાને લેતાં, આરોપીને સજા કરવામાં આવે તથા ફરીયાદીને વળતર અપાવવાનો હુકમ કરવામાં આવે તો, ન્યાયનો હેતુ સરે તેમ હોવાનું અત્રેની અદાલતનુંસ્પષ્ટપણે માનવું છે. જેથી, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

**(૧)** આ કામે આરોપી **વોરા રજનીકાંત રામજીભાઈ,** ઉ.વ.પુખ્ત, ધર્મે : હિન્દુ, ધંધો : વેપાર,ઠે. ૫૭, ગોપીનાથ પાર્ક સોસાયટી, એસ.ટી. વર્કશોપ પાસે, કૃષ્ણનગર,અમદાવાદનાઓન ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ

૨૫૫(૨) અન્વયે તકસીસવાન ઠરાવી તેઓને ૦૧(એક) વર્ષ એટલે કે (૧૨ માસ) ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે. આરોપીને આ ગુના સબબ કોઈ અલાયદો દંડ કરવામાં આવતો નથી.

**(૨)** ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭(૩) અન્વયે આ કામના ઉપરોકત આરોપીને એવો આદેશ કરવામાં આવે છે કે, તેમણે આ કામે બંને તકરારી ચેકોની કુલ રકમ રૂા.૧,૫૦,૦૦૦/–(એક લાખ પચાસ હજાર રૂપિયા પુરા) ૦૯ ટકાના વ્યાજ સાથે આ કામના ફરીયાદીને વળતર તરીકે આ હુકમ તારીખથી દિન–૬૦ માં ચુકવી આપવા. જો આરોપી આ રકમ દિન–૬૦ માં ફરીયાદીને ચુકવી નહીં આપે તો આ કામે આરોપીને વધુ ૦૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

**(૩)** આરોપીના જામીનખત તથા જાતમુચરકા આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** આરોપી આજરોજ નામ.અદાલતમાં હાજર ન હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૫)** આરોપી હાજર થયેથી ક્રિમિનલ પ્રોસિઝર કોડની કલમ–૩૬૩ અન્વયે ચુકાદાની એક નકલ વિનામૂલ્યે તાત્કાલીક પુરી પાડવી.

હુકમ આજરોજ તા.૩૦મી,માહે–એપ્રિલ,સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૩૦.૪.૨૦૨૪

અમદાવાદ.

**( P. J. CHAUDHARY )**

**Addil. Chief Metropolitan Magistrate,**

**Negotiable Instruments Act Court No.34**

**Ahmedabad. Code: GJ 01032**